





ચૂંટણી પહેલાંના આયોજન ને ધન્ય છે,
અને એમના આ આત્મવિશ્વાસ ને ધન્ય છે!
ધન્ય છે એની પક્કડને, આ જડ તંત્ર પર -
વિશાળ, અદ્ભૂત ટ્રેડ પ્રદર્શન ધન્ય છે.

**હાઈકુ**

લાગે છે હવે
મક્કમ મનોબળે
વિવેકાનંદ..

ફેરવી નાખે
સળગતી હોળીને
કરે દિવાળી..

## ચિંતન

**માતુ પિતા ભગિની પ્રિય ભાઇ પ્રિય પરિવાર સુહદ સમુદાઇ ।**
**સાસુ સસુર ગુરૂ સજન સુહાઇ સંત સુંદર સુશીલ સુખદાઇ ॥**
**જહં લગિ નાથ નેહ અરૂ નાતે પ્રિય બનુ તિયહિ તરનિહુ તે તાતે ।**
**તનુ ધનુ ધામ ધરનિ પુર રાજુ પતિ બિહીન સબુ સોક સમાજુ ॥**

તુલસીકૃત રામચરિત માનસના અયોધ્યાકાંડની ૬૧/૧ની આ ચોપાઇ, સીતાજીના મુખમાં મૂકવામાં આવી છે, રામની સાથે વનમાં જવા તત્પર સીતાજીને જયારે કૌશલ્યાજી ન જવા સમજાવે છે ત્યારે સીતાજી જે પ્રત્યુત્તર આપે છે તેનો આ ભાગ છે.

'સીતાજી કહે છે, સંસારમાં બધા સ્વાર્થના સંબંધો જ છે માતા-પિતા, બેન, ભાઇ, પરિવાર, મિત્રો, સાસુ-સસરા, ગુરૂ, સ્વજન, મિત્રો, પુત્રો-પુત્રી આ બધા જ સંબંધો જેમ સ્ત્રીને પતિ સાથે સંબંધ હોય ત્યાં સુધીના જ સંબંધ છે. જયાં સુધી પતિ સાનુકૂળ હોય, પતિ સાથે સ્નેહનો સંબંધ હોય ત્યાં સુધીના જ આ સંબંધ છે.'

પરંતુ, જો પતિ સાથે વિચ્છેદ, છૂટાછેડા, કે કોઇ કારણસર કંકાસ-કોર્ટ કે કચેરીની ખટપટ શરૂ થઇ જાય ત્યારે સ્ત્રી સાચી હોય કે ખોટી, પણ બધાં જ સંબંધી સ્ત્રી સાથેનાં સંબંધ તોડી નાખે છે. દુશ્મન થઇ જાય છે. એટલું જ નહીં સ્ત્રી વિષે જૂના સ્મરણોમાં તેના દોષ જોઇ જોઇ તેના વિશે સંતાપ પણ આપવા લાગે છે. બધાં પ્રતિકૂળ થઇ જાય છે.

અહીં 'પતિ' ને (જીવ અને જીવાત્મા) ઇશ્વરનો સંબંધ ગોઠવી ને પણ આ ઉત્તર સમજવા જેવો છે.

## સુવિચાર

- જયારે તમે કોઇ સાહસ કરવા સમર્થ હો ત્યારે કે જયારે તમે નિશ્ચિત પણે માનતા હો કે એ સાહસ માટે અસમર્થ છો ત્યારે 'વિચાર' કરવાની જરૂર નથી **- માર્ક ટ્વેન**
- કેવળ મૂર્ખ લોકો અને મૃતક જ પોતાનો વિચાર કયારે ય બદલતા નથી **- લાબેલ**
- ચિંતન વિનાનો સુવિચાર, અધ્યયનનો પરિશ્રમ વ્યર્થ જ છે **- સિસેરો**
- માનવીના વિતાપ જ તેના ચારિત્ર્યનું ઘડતર કરે છે, જેવા વિચાર તે કરે તેવો જ થાય છે **- બાઇબલ**
- જે વ્યક્તિ સદાય ઉચ્ચ વિચાર અને વિચારકોના સહવાસમાં રહે છે તેને કયારેય એકાંત સતાવતું નથી **- ફિલિપ સીડની**
- વિચારનો દીપક બૂઝાઇ જાય તો જીવન અંધકારમય થઇ જાય **- ઇગર સોલ**
- તમારો સાચો કે ખોટો વિચાર કેવો અસરકારક છે તે તમારી રજૂઆત પર આધારિત છે **- કારમેન સિલ્વા**

## બોધ કથા

આજકાલના બાપુઓ-સંતો-જાતે જ ચારિત્ર્યમાં શિથિલતાવાળા હોય, મેલી વિદ્યા, દોરા-ધાગા-તાવીજ-મંત્રવિદ્યા કરતા હોય અને સાથે જ સત્સંગ-વ્યાખ્યાન તો ખરાં જ! અંધશ્રધ્ધાળુઓ અને ભોળી સ્ત્રીઓ આંખ મીચી તેમને સમર્પિત થઇ જાય છે અને મહારાજ અને બાપુઓનાં 'સંપૂર્ણ' કૃપા-આશીર્વાદ પ્રાપ્ત કરી જિંદગી 'સફળ' કરી લે છે.

હસન બસરી તો સાચા સૂફી સંત હતા. એમના સાનિધ્યમાં અનેક સંતો-શિષ્યો સતત રહેતા ધર્મ ચર્ચા અને ધર્માભ્યાસ કરતા.

કયારેક તદ્દન સામાન્ય માણસ પણ પોતાની તદ્દન સામાન્યવાણીથી એવો ઊંચ્ચાઇ વાળો બોધ આપી જાય કે મહાન સંતની પણ આંખ ખૂલી જાય -

એક માણસ લથડિયા ખાતો-ઠેબાં-ઠેસ ખાતો, પડતો-આખડતો જતો હતો. બાજુમાં એક કાદવથી ભરેલું-થોડું મોટું ખાબોચિયું હતું.

સંત હસન બસરા એ જોયું કે આ દારૂડિયો લથડતો હોય છે. જો સમતુલન નહીં સાચવે તો કાદવના ખાબોચિયાંમાં પડશે, એટલે બોલ્યા, ભાઇ જરા ધ્યાન રાખીને ચાલજે જો લપસી પડીશ તો કાદવમાં ડૂબી જઇશ! પેલો લાલ અધર્મી આંખે બોલ્યો, બાબા, હું લપસીસ તો હું એકલો ડૂબીશ, પણ તમે ધ્યાન રાખજો! જો તમે લપસશો તો તમારી સાથે અનેકને ડૂબાડશો!

સંતે તેનો જવાબ સાંભળી, મનોમન વંદન કર્યાં.

# સુષુપ્ત ભારતને જાગ્રત કરવાની પ્રચંડ પ્રેરણાના મહાનાયક સંન્યાસી સ્વામીશ્રી વિવેકાનંદ

**● જીવન ઝરમર સેતુ**

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

આજે ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૩ એટલે કે જેઓની ૧૫૧મી જન્મજયંતિ છે તેવા મહાકર્મવીર, શૂરવીર, વેદ અને વિઝનના ધર્માચાર્ય, સુષુપ્ત ભારતને જાગૃત કરવાની પ્રચંડ પ્રેરણાના મહાનાયક, સન્યાસી અને મા ભારતીના પનોતા પુત્ર સ્વામીશ્રી વિવેકાનંદની જન્મજયંતિનું સલૂણું સુપ્રભાત!

કલકત્તાના સિમુલિયા વિભાગમાં વસતા ખાનદાન કુટુંબના, કલકત્તા હાઈકોર્ટમાં વિશ્વનાથ દુર્ગાચરણદાસ દત્તને ત્યાં સને ૧૮૬૩ની ૧૨મી જાન્યુઆરીએ ધર્મનિષ્ઠ વ્યવહાર કુશળ માતા ભુવનેશ્વરી દેવીની કૂખે એક પુત્રરત્નનું અવતરણ થયુ જેનું નામ રાખવામાં આવ્યું 'વિરેશ્વર'. માતા-પિતાના ઉમદા ગુણો બાલ વિરેશ્વરમાં અડગતા અને નીડરતા તથા સેવાભાવનાના અંકુરો ફૂટયા.

નાનપણમાં જ પિતા વિશ્વનાથ દત્તનું અકાળે અવસાન થતાં જવાબદારી માતા ભૂવેશ્વરી દેવી પર આવી પડી. ઈ.સ. ૧૮૭૦ માં સાત વર્ષની ઉંમરે અભ્યાસ શરૂ થયો. તેઓ નાનપણથી જ મેધાવી હતા અને તોફાની પણ એવા જ. તોફાનથી કંટાળીને માતા તેમના માથે ઠંડુ પાણી રેડીને કાનમાં શિવ... શિવ... બોલતાં જ તેઓ શાંત થઈ જતા. તેમનું નામ બદલીને 'નરેન્દ્ર' રાખવામાં આવ્યું. ૧૫ વર્ષની વયે પહેલી વાર આધ્યાત્મિક અનુભૂતિ થઈ. ઈ. સ. ૧૮૮૦માં કૉલેજમાં પ્રવેશ મેળવ્યો.

સને ૧૮૮૦ના નવેમ્બરમાં ૧૮ વર્ષની ઉંમરે નરેન્દ્ર શ્રી રામકૃષ્ણ પરમહંસને પ્રથમવાર મળ્યા. તેઓએ રામકૃષ્ણને સીધો જ પ્રશ્ન પૂછયો : 'મહાશય! તમે ઈશ્વરને જોયા છે?' રામકૃષ્ણ પરમહંસે સ્પષ્ટ જવાબ આપ્યો : 'હા મારા બેટા! મેં ઈશ્વરને જોયા છે. હું એને એવી જ રીતે જોઉં છું. જે રીતે મારી સામે તમે જોઉં છું. એટલું જ કે હું ઈશ્વરને વધારે ઉત્કટતાથી જોઉં છું અને હું તને પણ તે બતાવી શકું.' નરેન્દ્રનાથ પર આ વાકયની એવી સચોટ અસર થઈ કે, તેઓ રામકૃષ્ણના શિષ્ય બની ગયા. ગુરૂના આદેશ પ્રમાણે ચાલીને ૨૨ વર્ષની ઉંમરે સ્વામીજીએ પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો. ૧૮૮૬ની ૧૬મી ઓગષ્ટે રામકૃષ્ણ પરમહંસ મહાસમાધિમાં આત્મસ્થ થયા.

**સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ**
**'શબ્દ સેતુ'**
**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**

સને ૧૮૮૭ થી ૧૮૯૩ દરમિયાન ભારતભરનું પરિભ્રમણ કરી સામાન્ય જનતાના જનજીવનને, તેમની સમસ્યાઓ, વિટંબણા અને દુ:ખો ખૂબ જ નજીકથી નિહાળ્યા. તેઓનું હૃદય ગરીબો અને અત્યંજો - દલીતો પ્રત્યે કરૂણાસભર હતું. તેઓ કહેતા : 'અફસોસ! દેશના ગરીબ લોકોનો કોઈ ખ્યાલ કરતું નથી. તેઓ જ આ દેશનાં ખરા આધાર છે. તેમની મહેનતથી જ અનાજ પેદા થયા છે. આ ગરીબ લોકો - આ ઝાડુવાળા અને મજૂરો જો એક દિવસ ને માટે કામ બંધ કરી દે તો શહેરોમાં ગભરાટ ફેલાઈ જાય! આ દેશમાં કંઈક દયાભાવ કે સહૃદયતા છે ખરી? માત્ર 'આભડ છેટિયાઓનો વર્ગ છે. આવા રીતરિવાજોને લાત મારીને દૂર કરો.' તેઓ માનતા કે તમામ અધર્મોનું મૂળ ગરીબીમાં છે. તેઓ દરિદ્રમાં 'નારાયણ'નું દર્શન કરી દરિદ્ર થતા હતા. દલિતો પ્રત્યેના અન્યાયથી વ્યથિત હતા. અને અસ્પૃશ્યતા જેવા હલકટ શબ્દના તેઓ વિરોધી હતા. અસ્પૃશ્યતા અને ઊંચનીચના ભેદને તેઓ સામાજિક કલંક માનતા હતા. નારિજાતિના સન્માન અને ગૌરવના તેઓ પક્ષધર હતા. હિન્દુ ધર્મ સ્વામીજી અંધભક્તિ નહોતી. ધર્મમાં માનવતાથી ઓછું તેમને કશું જ ખપતું નહોતું. હિન્દુ ધર્મ પ્રત્યેની તેમની અપેક્ષા હતી કે : 'કે જે ઈશ્વર વિધવામાં આંસૂ લૂછી ન શકે કે અનાથના મુખમાં રોટલીનો ટૂકડો ન મૂકી શકે, એવા ધર્મમાં હું માનતો નથી.'

ઈ.સ. ૧૮૯૩ના સપ્ટેમ્બરની ૧૧મીએ અમેરિકાના શિકાગો શહેરમાં, આર્ટ ઈન્સ્ટિટીયુટના આલીશાન મકાનમાં વિશાળ ખંડમાં 'વિશ્વ ધર્મ પરિષદ'માં ઉપસ્થિત રહી, શ્રોતાઓને સંબોધન કર્યુ : 'અમેરિકાના બહેનો અને ભાઈઓ!' જેને ચાર હજાર શ્રોતાઓએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધું. આ આત્મીયતા સંબોધનથી તેઓ વિશ્વવિખ્યાતીએ પહોંચ્યા. હિન્દુ ધર્મને ઊંચા આસને બેસાડતાં સ્વામીજીએ જણાવ્યું કે 'જે ધર્મે જગતને સહિષ્ણુતા અને વિશ્વ ઐકયનો ઉપદેશ આપ્યો છે, તે ધર્મનો હોવાનો હું ગૌરવ અનુભવું છું.' ઈંગ્લેન્ડમાં ચાર વર્ષ રહી વેદાંતના ઉપદેશનો પ્રચાર અને પ્રસાર કર્યો.

ઈ. સ.૧૮૯૭ ના ૧લી મેના રોજ 'રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી અને ઈ. સ. ૧૮૯૯ની જાન્યુઆરીની ૨જી તારીખે બેલુરમાં 'રામકૃષ્ણ મઠ'ની સ્થાપના કરી અને અલ્મોડાથી ૫૦ માઈલ દૂર, સમુદ્રથી ૬૩૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા 'માયાવતી' નામનાં સુંદર સ્થળે ૧૮૯૯ ની ૧૯મી માર્ચે 'અદ્વૈત આશ્રમ'ની સ્થાપના કરી.

તેઓ ધર્મપરિવર્તનની ટીકા કરતા હતા. તેમના મતે બધા જ ધર્મમાં સત્ય, અહિંસા, કરૂણા, પ્રેમ, ક્ષમા, સૌંદર્ય અને પરોપકારનાં તત્ત્વ-સત્ નિહિત છે જ અને આ કારણે જ સમાજ ટક્યો છે. દેશાટન દરમિયાન નવેમ્બર ૧૮૯૧થી એપ્રિલ ૧૮૯૨ સુધી ગુજરાતમાં વિહાર કર્યો. આ પરિભ્રમણ દરમિયાન ૨૨ ડિસેમ્બર, ૧૮૯૧થી ૩૧મી જાન્યુઆરી, ૧૮૯૨ સુધી પૌરાણિક 'સુદામાપુરી' એટલે કે હાલના પોરબંદરમાં તેઓએ બ્રિટીશ સરકારના વહીવટકર્તા અને ૧૯ ભાષાઓનાં જાણકાર શંકરરાવ પાંડુરંગ પંડિતના ઘરે નિવાસ કર્યો હતો. પોરબંદરના મહારાજ વિક્રમાનજીએ તેમને બરડા ડુંગરની નક્કર વાંસની બે સુંદર લાકડીઓ ભેટ આપી હતી. તેઓ નવેમ્બર ૧૮૯૧માં રાજસ્થાન-અજમેરથી અમદાવાદ અને ત્યાંથી વઢવાણ, લીંબડી, ભાવનગર, જૂનાગઢ રોકાતા જૂનાગઢથી વાયા જેતલસેર રેલ્વે લાઈન દ્વારા પોરબંદર આવેલા અને ત્યાંથી દરિયાઈ રસ્તે દ્વારકા અને ત્યાંથી માંડવી કચ્છ ગયેલા.

તેઓ ભાવનગરમાં મહારાજાના મહેમાન બન્યા હતા. જૂનાગઢના દિવાન બહાદુર હરિદાસ વિહારીદાસ દેસાઈનાં પણ મહેમાન બનેલ. જૂનાગઢના નવાબના અંગત મંત્રીપદે પહેલા રા.સા. સુખરામ સૂર્યરામ જે.પીના ત્યાં સ્વામીજી રોકાયેલા તે સમયે આધ્યાત્મિક વિચારોનું આદાનપ્રદાન અને ચિંતનાત્મક ચર્ચા-વિચારણા કરેલ.

સ્વામીજી પોતે નાસ્તિક નહોતા, પરંતુ મૂર્તિપૂજા પાછળ જે ઠઠારો થતો તેના વિરોધી હતા. તેમનાં વિચારોમાં વૈદિક ધર્મનું વેદાંત એટલે કે ઉપનિષદના વિચારોનું વાસ્તવિક અને વ્યવહારૂ દર્શન છે. વેદાંતના સિધ્ધાંતને જીવનના દૈનિક વ્યવહારમાં વણી લઈ, મનુષ્યને પરમ લક્ષ્યની પ્રાપ્તિનો ઉમદા રાહ ચીંધ્યો છે. પ્રભુસેવાના પર્યાપરૂપ જનસેવાને સમજીને, તે રીતે કરતાં કરતાં ભારતીય તત્વજ્ઞાનને માનવતાલક્ષી પરિમાણ બક્ષવામાં બુધ્ધ અને કબીરે ફાળો આપી જે પરિમાણ વિદ્રોહ દ્વારા સિધ્ધ કર્યું છે એ, સ્વામી વિવેકાનંદ કે સમર્પણભઆવે શક્ય બનાવ્યું. જો સ્વામી વિવેકાનંદ ન થયા હોય તો આજે હજારો લોકોને જીવનદાયી સંદેશ આપતા વેદાન્તના અમોલા લોકોને જીવનદાયી સંદેશ આપતા વેદાન્તના અમોલા સિધ્ધાંતો, પંડિતોના વિવાદના વિષય તરીકે જ ખપ લાગતા હોત.

તેઓ માનવતા કે ભારતનું પુનનિર્માણ ગ્રામીણ પુનનિર્માણ દ્વારા જ શક્ય છે. તેઓ જયારે અમેરિકાથી પાછા ફર્યા ત્યારે લોકોએ તેમને રાજકારણમાં પ્રવેશી દેશને સ્વતંત્ર કરવા વિનંતી કરતાં તેઓએ કહ્યું, 'ધારો કે આવતીકાલે હું ભારતને સ્વતંત્ર કરી દઉં, પરંતુ તમે એ સ્વતંત્રતાની રક્ષા કરી શકશો ખરાં? આખા દેશભરમાં તમારામાં એવા માણસો કયા છે?' સ્વામીજીના આ અમોલ બોલનું મૂલ્ય આપણી સમક્ષ તાદશ્ય છે. ૧૧મી સપ્ટેમ્બર, ૧૮૯૩ના દિવસે વિશ્વને પંથવાદ, ધર્માંધતા તથા ધર્મઝનૂન સામે ચેતવણી આપીને સ્વામીજીએ આ બાબતને માનવ સમાજની પ્રગતિમાં બાધકરૂપ ગણાવી હતી. જોગાનુજોગ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના દિવસે જ અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો થયો ત્યારે, સ્વામીજીની આર્ષદૃષ્ટિ મુજબ દુષ્ય પરિણામો વિશ્વની નજર સમક્ષ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થયાં!

દેશની કાયાપલટ યુવા પેઢી જ કરી શકે, એટલે યુવાનોને જાગ્રત થઈ, ધ્યેયનિષ્ઠ બનવા જણાવતાં સ્વામીજીએ કહ્યું હતું કે : 'યુવા પેઢીએ સુદઢ અને મજબૂત મનની જરૂર છે. ગીતા મોડી વાંચશો તો ચાલશે, પણ શરીર કસાયેલું નહીં હોય તો, યુવાનો જીવન સંગ્રામમાં ઝઝૂમી શકશે નહીં!' સ્વામીજીના આ શબ્દો નવયુવા પેઢી માટે જાગૃતિના એક શંખનાદ સમાન છે. તેમની રણગર્જના 'કાયરતા છોડો, વીર બનો, નિદ્રા ત્યાગો. આ વીરભોગ્યા વસુંધરા છે. નાનકડા આદર્શથી કશું નહીં વળે, ભારતીય વિચાર વિશ્વ પર વિજય પ્રાપ્ત કરે, તૂં ભૂલતો નહીં કે ભારતનો નિમ્નતમ વર્ગ, અજ્ઞાની-ગરીબ-અભણ-ગમાર કે ઝાડુ વાળનારો સુધ્ધાં તારાં રક્તમાંસના બંધુઓ છે. તારા જ સહોદરો છે. હે વીર! તું બહાદુર બન. હિંમતવાન થા અને સ્વાભિમાનપૂર્વક ગર્જના કર કે, 'હું ભારતીય છું. પ્રત્યેક ભારતીય મારો બાંધવ છે.'

સ્વામીજીએ કન્યાકુમારી પાસે જે ખડક પર બેસીને ધ્યાન ધર્યું અને તેમને દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું હતું એ ખડકને 'વિવેકાનંદ ખડક' નામ અપાયું છે. તેમણે કહ્યું : 'ઉઠો, જાગો અને અટકયા વગર ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. શક્તિ એ જ જીવન છે, નિર્બળતા મૃત્યુ છે, શક્તિ પરમાનંદ છે. નિર્બળતા જ બધા દુ:ખોનું કારણ છે માટે બળવાન બનો.'

માત્ર ૩૯ વર્ષ, ૫ માસ અને ૨૪ દિવસનું અલ્પાયુષ્ય ભોગવી વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિનો વિજય ડંકો વગાડી ૪થી જુલાઈ ૧૯૦૨ ના રોજ, સનાતન ધર્મના દુભાગ્યે, આ તેજસ્વી પ્રતિભા સદાને માટે વિલાઈ ગઈ. ગાંધીજીએ પણ કહ્યું હતું : 'વિવેકાનંદ નામ એવું છે કે જે નામ લેતાંની સાથે જ આપણને જાદુઈ અસર થાય છે. તેઓ હિન્દુસ્તાનના જીવન પર એક ભૂંસાય તેવી અમીટ છાપ મૂકતા ગયા છે.'

વિસરાઈ રહેલ માનવધર્મ અને લુપ્ત થતી માનવતાની જાગૃતિ અને પુન:સ્થાપન માટે, દૂષિત થઈ રહેલ રાજનીતિને પવિત્ર બનાવવા માટે, સમર્પણ-પ્રેમ-ત્યાગ-સમતા-સમભાવ અને ઉદાત્ત જીવન માટે - જીવન ધ્યેયની સિધ્ધિ માટે સ્વામી વિવેકાનંદનું જીવન એક ઝળહળતી દીવાદાંડી રૂપ છે. જેનો આપણે સદા, સર્વદા, સર્વત્ર સ્વીકાર કરી, સ્મરણમાં રાખી જીવનમાં અપનાવીએ એ જ સ્વામીજીને સાચી શ્રધ્ધાંજલિ આપી ગણાશે.

ધન્ય છે એ રાષ્ટ્રીય વીરને, રાષ્ટ્રપ્રેમથી ધગતા એ મહામાનવ, કર્મવીર, ધર્મવીર અને સન્યાસી અમરસંતને શત્ શત્ પ્રમાણ!

# અંગ્રેજોના વખતથી પોલીસ એના ઉપરી અધિકારીના હુકમનો આંખો મીંચીને અમલ કરતી રહી છે, પોતે એ ભવ્ય પરંપરાનું ઉલ્લંઘન કરી બદનામ થવા નહોતા માગતા

**ફિશ વાર્તા**
**- કેશુભાઈ દેસાઈ**

એસ.પી. નરેન્દ્રસિંહ ઝાલા ભારે વિસામણ અનુભવી રહ્યા હતા. ફક્ત બે મહિના અગાઉ આવી કોઈ ફરિયાદ આવી હોત તો એમના શરીરનું રૂવાડું સુધ્ધા ન ફરક્યું હોત. એમણે હોઠવગી રોજિંગી ગાળ દઈને ફરિયાદી બાઈને ભગાડી દીધી હોત. સાહેબનાં ઈશારે હાથ નીચેના સ્ટાફે એને ધક્કા મારીને બહાર ધકેલી દીધી હોત. બહાર શું કામ? બહાર કાઢી મૂકતાં પહેલાં તો એને ફરિયાદ કરવા બદલ પૂંઠ પર બબ્બે દંડા ફટકારી પાસેથી કસ્ટડીના અંધારિયા ખંડમાં પૂરી દઈને કોણ જાણે શું નું શું -

ઝાલા સાહેબ મારે અ પ્રસંગ અગાઉની જેમ સામૂહિક ઉજવણીનો બની રહેત. સલામ મારીને ઈન્સ્પેકટર ચૌધરીએ એમને નિમંત્રણ પાઠવ્યું હોત : સર, લંચ તૈયાર હૈ! પહલે આપ... ફિશ વેઈટ્સ ફૉર યુ!

પરંતુ એ મોજમસ્તીનો જમાનો એક ઝાટકે પૂરો થઈ ગયો હતો. હવે તો એ 'ફિશ'ને અડકવામાં પણ જોખમ. એવી અવળી ચોંટે કે એનો કાંટો ગળાની ફાંસ બની જાય.

'બેસો બહેનજી, તમારે જે કંઈ રજૂઆત કરવાની હોય તે જરા પણ ગભરાયા વગર કરો.' એમણે ગોઠવી ગોઠવીને શબ્દે ભેગા કર્યા. આવી ભાષા બોલવાનું તો એ શીખ્યા જ કયાં હતાં? ઉપરથી આદેશ હતો કે ફરિયાદી મહિલા માટે સમ્માનવાચક ભાષા વાપરવી. એને આદરપૂર્વક બેઠક આપવી. મહિલા કોન્સ્ટેબલની હાજરીમાં જ એનું નિવેદન નોંધવું. આમાં જરા પર બેદરકારી દાખવવામાં આવશે તો તાત્કાલિક અસરથી જવાબદાર પોલીસ અધિકારીને ફરજ મોકૂફી પર ઉતારી દઈ એની સામે ખાતાકીય તપાસ શરૂ કરી દેવામાં આવશે.

ઘડીક તો એ ડી.ઓ.લેટરને ફાડીને સ્ટાફ સમક્ષ પોતાના જ સિગારેટ લાઈટરથી સળગાવી દેવાનું મન થઈ આવેલું, પરંતુ વળતી જ પળે પોલીસની વર્દી સાથે સંકળાયેલી પરંપરા યાદ આવી ગઈ હતી. અંગ્રેજોના વખતથી પોલીસ એના ઉપરી અધિકારીના હુકમનો આંખો મીંચીને અમલ કરતી રહી છે. પોતે એ ભવ્ય પરંપરાનું ઉલ્લંઘન કરી બદનામ થવા નહોતા માગતા. સરકાર એટલે સરકાર. એ માલિક છે. આપણે ગમે તેટલી સત્તા ધરાવતા હોઈએ છતાં સરકારના તો નોકર જ વળી. સત્તાનું કેન્દ્ર તો સરકાર જ. આપણે તો ખંડિયા રાજા!

અલબત્ત, ઝાલા સાહેબને આ નવો કાયદો ઘણો કઠી રહ્યો હતો. એમણે ડીવાયએસપી પટેલ આગળ તો બળાપો પણ ઠાલવ્યો હતો. એમ કંઈ છેડતી બંધ થોડી થઈ જશે? બળાત્કાર તે કોઈ આજકાલની ઘટના છે? આમ જુઓ તો પ્રકૃતિમાં અત્ર, તત્ર, સર્વત્ર માછલું નાની માછલીઓ ખાઈ જાય છે. એ મોટાં માછલાંને માણસ ખાઈ જાય છે! અને માણસ પાસે હથિયાર નહોતા - એ નગ્ન અવસ્થામાં ગુફામાં રહેતો ત્યારે એને વાઘ-વરૂ જેવાં હિંસક જાનવર ફાડી ખાતાં હતાં...

'નિરજા, તમે આ બહેનજીની ફરિયાદ નોંધી લો. એમને ચા કૉફી પણ પિવડાવજો. ફરિયાદ નોંધી લીધા પછી મને મળો; અને પછી મહિલા કોન્સ્ટેબલ નીરજા એસ.પી. નરેન્દ્રસિંહ ઝાલા સામે એટેન્શનની મુદ્રામાં ઊભી હતી. ઝાલા સાહેબ બોલતાં બોલતાં અટકી કેમ ગયા હશે?' 'અને પછી-'એટલું બોલ્યા પછી શું બોલવું તે એમને સૂઝતું નહોતું. આવા કિસ્સાઓમાં 'પછી' જે કંઈ થતું એનો નીરજાને પૂરો અંદાજ હતો. ફરિયાદ તો કયાંયની કયાંક રફેદફે થઈ જતી અને ફરિયાદ કરવાની હિંમત કરનાર સ્ત્રીનું કચ્ચૂંબર નીકળી જતું. એનો ઊનો ઊંહકારો પણ ન સંભળાય એવી અંધારી કોટડીમાં પૂરી દઈ એનાં હાડકાં ખોખરાં કરી નંખાતાં. એ પછી જે કંઈ થતું એ જોવાની નીરજાને છૂટ ન હતી. ફક્ત ચીસો સંભળાતી, અને વચ્ચે વચ્ચે કાને પડતી ગંદી, બીભત્સ ગાળો, વિકૃત મગજના વરદી ધારીઓ માટે કુદરતી અને અકુદરતી જેવા કોઈ ભેદ ન રહેતો. છેલ્લે અડધું પડધું મડદું બનીને બહાર નીકળતી; પછી જિંદગીમાં ફરી વાર કયારેય પોલીસ થાણાનાં પગથિયાં ચડવાની હિંમત કરે ખરી?

નીરજા સાવ મૂંગીમંતર થઈ ગઈ હતી. એણે ફરિયાદી બાઈને પાસેની રૂમમાં બેસાડી એની ફરિયાદ નોંધી લીધી. છેલ્લે પૂછ્યું, 'એ લોકોને ઓળખી તો શકીશ ને?'

(અનુસંધાન પાના નં. ૬ પર)


## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૨મી જાન્યુઆરી**




● 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો' નું સૂત્ર આપનારા નરેન્દ્ર - સ્વામી વિવેકાનંદનો જન્મ - ૧૨-૧-૧૮૬૩. શિકાગો ધર્મપરિષદમાં પ્રવચનથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યાં. ભારતીય સંસ્કૃતિને ઝળહળતી કરી, ૪ - જૂલાઇ, ૧૯૦૨માં નિર્વાણ પામ્યા. તેમનો જન્મદિવસ 'યુવા દિન' તરીકે ઉજવાય છે.



● દક્ષિણ આફ્રિકામાં 'હિન્દનો નાગરિક રાજકીય સત્તા નહીં અધિકાર માંગે છે' આ વિષય પર ગાંધીજીનો લેખ આઉટલૂકમાં છપાયો - ૧૯૦૭.

● નવલકથાકાર ગણેશજી દુબળનો જન્મ - ૧૮૫૩

● ક્રાંતિકારી માસ્ટર ભટ્ટજી - સૂર્યકાન્તનું અવસાન - ૧૯૩૪.

# બળ એ જીવન છે, નિબર્ળતા મૃત્યુ છે, બળ પરમાનંદ, શાશ્વત અને અનંત જીવન છે

**લાગણીનો મેળો**
**- રસિક વાળંદ 'નિર્ઝર'**

ઘટમાં ઘોડા થનગને
આતમવીંઝે પાંખ,
અણદીઠી ભોમ પર યૌવન
માંડે આંખ

યુવાન તેજસ્વીતા, તત્પરતા અને તપસ્વીતાનો પર્યાય ગણાય છે. યુવા હૈયામાં પોતાની આગવી આદર્શમૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થયેલી હોય જ છે. કોઈકને તો પોતાનો આદર્શ માનતો હોય છે. યુવાનો વિશે ઘણું બધું લખાતું કહેવાતું રહે છે. કારણ કે, સમગ્ર જીવનનો આધાર યુવાની પર નિર્ભર છે. આઝાદી કાળને સ્વાતંત્ર્યોત્તર જમાનાની દિલ ફેંક યુવાની તરફ નજર માંડીશું તો એની દિશા અને દશાનો ચિતાર સાચે જ નિરાશ કરશે. આઝાદીકાળની યુવાનીનાં સાહસ પરાક્રમો આજના સંદર્ભમાં કપોળ કલ્પિત માનવા પ્રેરશે... મોંઘામૂલા સ્વાતંત્ર્ય મળ્યા પછીના માત્ર છ એક દાયકામાં આવેલા આ પરિવર્તનને પ્રગતિ કે અધોગતિ? શું કહીશું ?!!! આવા સમયે નીતિનાશના માર્ગે વળેલી યુવાપેઢીની સામે એકમાત્ર આદર્શ મુકવો હોય તો તે 'વિવેકાનંદ'નો જ મૂકી શકાય..! જેની વીરવાણીમાં ખુમારી, દેશભક્તિ, ત્યાગ, શ્રધ્ધાભક્તિ, અડગતા ને વિશ્વાસનાં દર્શન થાય છે.

દોસ્તો, વિવેકાનંદને માત્ર વાંચવાને પચાવવા કે અંતરમાં સ્થાપવાએ કંઈક જુદું જ છે... અરે, એમની તસવીર સામે આંખમાં આંખ પરોવીને બેસીએ તો એ મૂર્તિ કે છબીમાંથી અવશ્ય ઊર્જાનો સંચાર અનુભવાશે. માત્ર યુવાનો જ નહીં બાળકો, વૃદ્ધો, મહિલા, સમાજ, ઈશ્વર, કેળવણી, રાષ્ટ્ર જેવા પ્રત્યેકક્ષેત્ર અંગે સ્વામીજીએ મૌલિક દર્શન સમાજ સમક્ષ ધર્યું છે. તેઓ માત્ર ભારતના જ નહીં સાચા અર્થમાં વિશ્વમાનવ હતા. અરે... બીજી બધી વાતો જવા દો... માત્ર ઊઠો... જાગો...ને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો... આ લોક જીભે રમતી ઉક્તિ જ સ્વામીજીનું સતત સ્મરણ કરાવતું ચિરંજીવી સંભારણું છે.

મિત્રો, આપણે સ્વામીજીના શબ્દોમાં રહેલી ભાવનાને સમજવામાં ઊણા ઊતર્યા છીએ. એ નક્કર સત્ય સ્વીકારવું ઘટે... ખેર, રાષ્ટ્રની આશા સમા યુવાનોને ઉદ્દેશીને જે જગ આંગણે સુર્વણ મુદ્રાઓ વેરી છે તેમાંથી કેટલીક કૃતજ્ઞભાવે સ્મરણાંજલિ રૂપે અહીં ટાંકુ છું...! સ્વામીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિતે એમના આ વિચાર વૈભવને



માણીએ... વાંચીએ... વિચારીએ...ને સંકલ્પ બદ્ધ બનીશું તો સાચી શ્રદ્ધાંજલિ અર્પી ગણાશે...

● ચિંતા મુકત રહે એ જ સાચો યુવાન.

● ઉત્સાહ અને સાહસ યુવાનનો પ્રાણવાયુ.

● યુવાન કયારેય નિરાશ થતો નથી.

● ગુરૂ ઋણ, સમાજ ઋણ, રાષ્ટ્ર ઋણ તથા માતા-પિતાનું ઋણ ચૂકવવુંએ યુવાનનો પ્રથમ ધર્મ છે.

● સમર્થ યુવાન રાષ્ટ્રની તકદીર બદલી શકે છે.

● આજનો યુવાન રાષ્ટ્રનું ભવિષ્ય છે.

● યુવાન પોતાના નસીબનો ઘડવૈયો છે.

● ભગવાનને યુવા ભકત વધારે વહાલા છે.

● સક્રિય સુવા સમાજનું આભૂષણ છે.

● યુવાનો પ્રામાણિકતા, ખંત અને ધીરજ ધરો.

● યુવાનોએ ખાસ જોવાનું કે દૂરનું નિશાન તાકવું, 'નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન.'

● સાહસિક યુવાનો જ મહાન સિદ્ધિને વરે છે.

● યુવાનો આગ્રહી બને, હઠીલા નહીં.

● યુવાનો સંજોગો ઘડતા નથી, તે તો તેનું પારખું કરે છે. યુવાનો પોતાની જાતને જ ઘડે છે.

● યુવાનોએ પોતાની કિંમત હંમેશા ઊંચી આંકવી.

● યુવાનો ચારિત્ર્યવાન બનો

● યુવાનો શક્તિવાન બનો

● યુવાનો ધગશવાન બને

● યુવાનો સંયમવાન બને

● યુવાનો વ્યસન મુકત બનો.

● મારા બહાદુર બાળકો, મહાન કાર્ય કરવા સર્જાયા છો. એવી શ્રદ્ધા રાખો. કૂતરાં ભસ ભસ કરે તેથી બીતા નહિ. અરે! આકાશ તૂટી પડે તો પણ શું? ટટ્ટાર રહો અને કામ કરો.

● તમારા દેશને વીરોની જરૂર છે. મર્દ બનો. પર્વતની જેમ અડગ રહો. સત્યનો સદા જય છે. હું નામર્દોને ધિક્કારૂં છું.

● ઓ શક્તિશાળી ભાઈ, તમારી અંદર બધી શક્તિ રહેલી છે. તમારા શક્તિમાન સ્વભાવને તમારી મદદે બોલાવો. આખુંય વિશ્વ તમારે ચરણે પડશે.

● બળ એ જીવન છે. નિર્બળતા મૃત્યુ છે. બળ પરમાનંદ, શાશ્વત અને અનંત જીવન છે. બાળપણથી જ બળવાન અને ઉપયોગી વિચારો મગજમાં ધારણ કરો. નિર્બળતા જ તમામ દુ:ખોનું કારણ છે. નિર્બળ છીએ એટલે જ જૂઠું બોલીએ છીએ એટલે જ નાશ પામીએ છીએ.

● અત્યાર સુધી ઘણું રૂદન કર્યું. હવે રડવું છોડી મર્દ બનો. મર્દ બનાવે એવા ધર્મની, સિદ્ધાંતોની,કેળવણીની જરૂરત છે. સત્ય બલવર્ધક, પવિત્ર, જ્ઞાનમય, શક્તિદાયકને જ્ઞાન સ્વરૂપ, ચેતનવંત છે.

● આપણે પોપટની માફક બોલીએ છીએ પણ કરતા નથી. બોલવું ખરૂં પણ કરવું નહી એ આપણી આદત- ટેવ છે.

● ખોટા આડંબરથી કોઈ મહાન કાર્યપાર પાડી શકતું નથી, પ્રેમ દ્વારા, સત્યની સાચી ધગશ અને અપાર શક્તિ દ્વારા હાથમાં લીધેલાં કાર્યો પાર પડે છે. તમારા પૌરૂષને પ્રગટ કરો.

● જો તમે સત્યની સેવા કરશો, આચરણ કરશો તો ખાતરી રાખજો કે તમારામાં એવું દિવ્યબળ આવશે કે તેની સમક્ષ માણસો અસત્ય ઉચ્ચારતાં કંપી ઊઠશે.

● આપણે ઈશ્વરરૂપ બનીએ અને પછી બીજાઓને તેવા થવામાં મદદ કરીએ.

થાઓ અને બનાવો એ આપણો મુદ્રાલેખ, જીવન મંત્ર હોવો જોઈએ.

મિત્રો, સ્વામીજીના આ વિચાર વિશ્વના ઉદધિને થોડો ઉલેચી શકાય? આપણા સૌના આદર્શમૂર્તિ સ્વામી વિવેકાનંદ માત્ર ૩૯ વર્ષ પાંચ માસને ૨૪ દિવસ જીવ્યા છે. આ અલ્પ આયુમાં એમણે જે જગતને આપ્યું તે અનન્યને બેજોડ છે.

ચાલો... એમના શાશ્વત વિચારો જીવનમાં સ્થાપી દિવ્યતાનું સામ્રાજ્ય સર્જીએ!!!

● જાગૃત થાઓ, પ્રગતિશીલ બનો, માનવ જીવન નાશવંત છે, તો એના સંભારણાં મૂકી જાઓ.